BRAMPTON **Service and Information Update**

# યાર્ડ મેઈન્ટેનન્સ, સ્ટ્રીટ પાર્કિંગ અને ઘોંઘાટ: સીટી આ વસંતઋતુમાં બ્રેમ્પટનને હરિયાળુ, આરોગ્યપ્રદ અને સુરક્ષિત રાખવાની યાદ રહેવાસીઓને અપાવે છે

બ્રેમ્પટન, ઓન્ટેરિયો (મે 4, 2021) – સીટી ઓફ બ્રેમ્પટન શહેરને ચોખ્ખું અને સુરક્ષિત જાળવવામાં મદદ માટે વર્ષભર બાય-લૉઝ (પેટાકાનૂનો) અનુસરવાના મહત્વની યાદ અપાવે છે. દરેક રહેવાસીએ આ ધોરણો જાળવી રાખવામાં ભૂમિકા ભજવવાની રહે છે.

આ વસંતઋતુમાં, તમારો ભાગ ભજવો અને વિનમ્ર પડોશી બનો. રહેવાસીઓને નીચેના બાય-લૉ ધ્યાનમાં રાખવાનું કહેવામાં આવે છે:

- તમારા યાર્ડની નિભાવ-જાળવણી કરો. જો તમારું ઘાસ સૉકર બૉલ કરતા વધારે ઊંચું હોય તો, તે કાપી નાખવાનો સમય છે. ઘાસ અને નીંદણ (વીડ્સ) નિયમિતપણે કાપવું જોઈએ, છાંટ (ક્લિપિંગ્સ) કાઢી નાખીને, જેથી ખાતરી કરી શકાય કે તેની ઊંચાઈ મહત્તમ 20 સેન્ટીમીટરને વટાવે નહીં.
- સાઇડવૉક્સ ખુલ્લા રાખો. વાહનો સાઇડવૉક પર ઢળતા પાર્ક કર્યા હોય ત્યારે, તેનાથી અન્ય લોકો માટે અવરોધ ઊભો કરી શકે છે અને સાઇડવૉક્સ અસુરક્ષિત બની શકે છે.
- સીટીના ટ્રાફિક અને પાર્કિંગ બાય-લૉ હેઠળ, વાહનો સવારે 2 થી 6 વાગ્યા વચ્ચેના સમયમાં અથવા એક સમયે ત્રણ કલાકથી વધારે સમય સુધી સ્ટ્રીટ પર પાર્ક કરી શકાતા નથી. સીટી દરેક કેલેન્ડર વર્ષ દીઠ, દરેક વાહનની લાઈસન્સ પ્લેટ દીઠ વધારેમાં વધારે 14 દિવસ સુધી સ્ટ્રીટ્સ પર પાર્ક કરવાની પાર્કિંગ છૂટ માટેની વિનંતીઓ સ્વીકારે છે. પાર્કિંગ છૂટમાં વાહનોને ત્રણ કલાક ઉપરાંત અને/અથવા સવારે 2 થી 6 વાગ્યા વચ્ચેના સમયમાં વાહનો પાર્ક કરવાની છૂટ મળે છે. તે સ્ટ્રીટ પર પાર્ક કરવા મનોરંજનલક્ષી ઉપયોગ માટે ડિઝાઈન કરેલા વિશાળકાય વાહનોને પણ છૂટ આપે છે. પાર્કિંગ સંબંધિત વિનંતીઓ અહીં કરી શકાય છે.
- રહેવાસીઓ બહાર વધારે સમય સુરક્ષિત રીતે વિતાવે ત્યારે, તેઓને વધારે પડતો ઘોંઘાટ ઓછો કરવાનું કહેવામાં આવે છે. સીટીના નોઈઝ બાય-લૉ (ઘોંઘાટ પેટા-કાનૂન) હેઠળ, અન્ય બ્રેમ્પટનવાસીઓને ખલેલ થવાની શક્યતા ધરાવતો ઘોંઘાટ કરવાની, કરાવવાની, કે કરવાની પરવાનગી આપતી કોઈપણ વ્યક્તિને ઘોંઘાટ કરવાની પરવાનગી અપાતી નથી.

આ શહેરના બાય-લૉઝ પર વધુ માહિતી મેળવવા વેબસાઈટ જુઓ, www.brampton.ca

-30-


**મિડિયા સંપર્ક :**

મોનિકા દુગ્ગલ (Monika Duggal)

કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ

વ્યૂહાત્મક સંવાદ

સીટી ઓફ બ્રેમ્પટન

905-874-3426 | Monika.Duggal@brampton.ca